આજે રાજસ્થાન અને કોલકાતા ટકરાશે, બન્ને ટીમને પ્રથમ મેચમાં મળ્યો હતો પરાજય

ગુવાહાટીઃ પોતાની શરૂઆતની મેચોમાં હારનો સ્વાદ ચાખ્યા બાદ ડિફેન્ડિંગ ચેમ્પિયન કોલકાતા નાઈટ રાઈડર્સ અને રાજસ્થાન રોયલ્સ બુધવારે ઈન્ડિયન પ્રીમિયર લીગમાં એકબીજા સામે ટકરાશે. આ મેચમાં બંન્ને ટીમો પોતાની નબળાઈઓને દૂર કરવાનો પ્રયાસ કરશે.

ટુર્નામેન્ટની શરૂઆતની મેચમાં કોલકત્તાને રોયલ ચેલેન્જર્સ બેંગલૂરુ સામે સાત વિકેટથી પરાજયનો સામનો કરવો પડ્યો હતો. જ્યારે રાજસ્થાન રોયલ્સને સનરાઈઝર્સ હૈદરાબાદ સામે ૪૪ રનથી કારમી હારનો સામનો કરવો પડ્યો હતો. આ બંને મેચોમાં કોલકત્તા અને રાજસ્થાન બેટિંગ અને બોલિંગ બંન્નેમાં આક્રમકતા બતાવવામાં નિષ્ફળ રહી હતી.

સુનીલ નારાયણ સિવાય કોલકાતાના અન્ય કોઈ બોલર આરસીબીના બેટ્સમેનોને રોકી શક્યા નહીં. આ મેચ પહેલા સારા ફોર્મમાં રહેલા સ્પિનર વરુણ ચક્રવર્તી માટે ચિંતાનો વિષય હશે કે તે પ્રભાવ પાડી શકશે નહીં.

ઈડન ગાર્ડન્સની પીચ પર ચક્રવર્તી સામે ફિલ સોલ્ટ અને વિરાટ કોહલીએ સરળતાથી બેટિંગ કરી હતી. કોલકાતાની ટીમ આશા રાખશે કે આ સ્પિનર ગુવાહાટીમાં વાપસી કરવામાં સફળ રહેશે. ઇજામાંથી સ્વસ્થ થઈ રહેલા એનરિક નોર્કિયાની ફિટનેસ પર પણ નજર રાખશે. જો આ દક્ષિણ આફ્રિકાના ઝડપી બોલરને ફિટ જાહેર કરવામાં આવે છે, તો તેને સ્પેન્સર જોહ્નસનની જગ્યાએ પ્લેઇંગ ઇલેવનમાં સ્થાન મળી શકે છે. છેલ્લી મેચમાં કેપ્ટન અજિંક્ય રહાણે અને નારાયણના આઉટ થયા બાદ નાઈટ રાઈડર્સના મિડલ ઓર્ડર્સમાં કોઇ પણ સારી બેટિંગ કરી શક્યો નહોતો. વેંકટેશ ઐયર અને આન્દ્રે રસેલ ખોટા શોટ રમીને આઉટ થઈ ગયા હતા. ટીમ મેનેજમેન્ટ હવે આશા રાખશે કે તે તેના શોટ પસંદગીમાં સાવધ રહેશે. આ ઉપરાંત કોલકાતા રિંકુ સિંહ પાસેથી પણ સારા પ્રદર્શનની અપેક્ષા રાખશે.

જો રાજસ્થાને વાપસી કરવી હોય તો તેના બોલરોએ સારું પ્રદર્શન કરવું પડશે. સનરાઇઝર્સ સામેની છેલ્લી મેચમાં તેના ફાસ્ટ બોલર જોફ્રા આર્ચરે ચાર ઓવરમાં ૭૬ રન આપ્યા હતા જ્યારે ફઝલ હક ફારૂકી અને મહિષ તિક્ષણા પણ બેટ્સમેનોને રોકવામાં નિષ્ફળ રહ્યા હતા. ■

ગુજરાતનો પંજાબ સામે પરાજયઃ શ્રેયસ ત્રણ રન માટે સદી ચૂક્યો

અમદાવાદઃ ઇન્ડિયન પ્રીમિયર લીગ ૨૦૨૫ સીઝનની મંગળવારની મેચમાં પંજાબ કિંગ્સે ગુજરાત ટાઇટન્સને ૧૧ રનથી હરાવ્યું હતું. ગુજરાતે ૨૦ ઓવરમાં ૨૩૨ રન કર્યા હતા.

અમદાવાદમાં રમાઈ રહેલી આ મેચમાં ગુજરાત ટીમના કેપ્ટન શુભમન ગિલે ટોસ જીતીને પ્રથમ બોલિંગ કરવાનો નિર્ણય લીધો હતો. જવાબમાં પંજાબની ટીમે ગુજરાતને ૨૪૪ રનનો લક્ષ્યાંક આપ્યો હતો.

મેચમાં પંજાબ કિંગ્સે ૫ વિકેટ ગુમાવીને ૨૪૩ રન કર્યા હતા. શ્રેયસ અય્યરે કેપ્ટનશીપ ઇનિંગ રમી હતી અને ૨૭ બોલમાં ફિફ્ટી ફટકારી હતી. શ્રેયસે ૪૨ બોલમાં અણનમ ૯૭ રન કર્યા હતા. આ દરમિયાન નવ સિક્સર અને પાંચ ફોર ફટકારી હતી.

શ્રેયસ તેની પ્રથમ આઇપીએલ સદી ફટકારવાથી ત્રણ રન દૂર રહ્યો હતો. તેના સિવાય ઓપનર પ્રિયાંશ આર્યએ ૪૭ રન કર્યા હતા. અંતમાં શશાંક સિંહે ૧૬ બોલમાં અણનમ ૪૪ રન કર્યા હતા. ગુજરાત તરફથી સાઈ કિશોરે ત્રણ વિકેટ ઝડપી હતી. ■

રિષભ-ગોયેન્કાની ચર્ચાએ રાહુલના વિવાદ જેવો સીન રીક્રિએટ કર્યો

ટીમના માલિક રિષભના શૂન્યથી ખફા હતા કે સ્ટમ્પિંગનો મોકો ગુમાવ્યો એને કારણે? અનેક ભૂલો થઈ જ હતી...

વિશાખાપટનમઃ સોમવારે અહીં આઈપીએલમાં લખનઊ સુપર જાયન્ટ્સ સામેના રોમાંચક મુકાબલામાં દિલ્હી કેપિટલ્સએ લગભગ ગુમાવી દીધેલી બાજી જીતી લીધી એ આઘાતને પગલે એલએસજીના કેમ્પમાં સોપો પડી ગયો હતો, જયારે ડીસીની છાવણીમાં અભૂતપૂર્વ ઉજવણીનો માહોલ હતો. આ મેચ બાદ એલએસજીના માલિક સંજીવ ગોયેન્કાની ટીમના કેપ્ટન રિષભ પંત સાથે લાંબી ચર્ચા થઈ એનો વીડિયો વાયરલ થયો છે.

ઉલ્લેખનીય છે કે ગયા વર્ષે એલએસજીનો એક મેચમાં આઘાતજનક પરાજય થયો એને પગલે ગોયેન્કા એ સમયના કેપ્ટન કે.એલ. રાહુલ પર ગુસ્સે થયા હોય એવો વીડિયો વાયરલ થયો હતો. રાહુલને ૨૦૨૫ની સીઝન માટે રીટેન ન કરવામાં આવ્યો અને હવે રાહુલ દિલ્હી કેપિટલ્સની ટીમનો હિસ્સો બની ગયો છે.

પંતને ૨૭ કરોડમાં ખરીદ્યો છે

એલએસજીના ફ્રેન્ચાઇઝીએ રિષભ પંતને ત્રણ મહિના પહેલાની હરાજીમાં વિક્રમજનક ૨૭ કરોડ રૂપિયામાં ખરીદી લીધો હતો અને તેને કેપ્ટન્સી સોંપી હતી. સોમવારે એલએસજીની મેચમાં પંત શૂન્યમાં આઉટ થઈ ગયો હતો અને છેલ્લે ભારે રસાકસી વચ્ચે ડીસી મેદાન મારી ગયું હતું.

પ્રિન્સ જેવા નવા બોલરને ૧૯મી ઓવર આપી

રિષભ પંતે ૧૯મી ઓવર પ્રિન્સ યાદવ જેવા નવાસવા બોલરને આપી હતી જેમાં ૧૬ રન બન્યા હતા. સ્પિનર શાહબાઝ અહમદની ૨૦મી ઓવરમાં રિષભ પંતે ૧૧મા ક્રમના બેટર મોહિત શર્માને સ્ટમ્પ-આઉટ કરવાનો મોકો પણ ગુમાવ્યો હતો.

છેલ્લી ઓવરમાં પંતના હાથે મોહિતને જીવતદાન

મોહિત જો સ્ટમ્પ-આઉટ થઈ ગયો હોત તો એલએસજીનો ત્યારે જ વિજય થઈ ગયો હોત અને ડીસી હારી ગયું હોત. આ મેચમાં રિષભ પંતના બોલિંગના કેટલાક ફેરફાર પણ ચર્ચાસ્પદ થયા છે.

સૌથી અનુભવી શાર્દુલને માત્ર બે ઓવર આપી

ટીમના સૌથી અનુભવી બોલર શાર્દુલ ઠાકુરે પહેલી બે ઓવરમાં બે વિકેટ લીધી હતી એમ છતાં તેને છેલ્લે-છેલ્લે બોલિંગ નહોતી આપવામાં આવી અને બિન અનુભવી બોલર પ્રિન્સ યાદવ પર પંતે ભરોસો મૂક્યો હતો જેમાં તે ખોટો પડ્યો હતો. એવું મનાય છે કે આમાંના એક કે વધુ કારણસર ગોયેન્કાએ મેચ પછી રિષભ પંતને કદાચ ઠપકો આપ્યો હશે.

આશુતોષની પાંચ સિક્સર અને પાંચ ફોર

ડીસીના મિડલ-ઑર્ડર બેટર આશુતોષ શર્મા (૬૬ અણનમ, ૩૧ બોલ પાંચ સિક્સર, પાંચ ફોર) આ મેચનો સુપરસ્ટાર હતો. તેની આતશબાજીને કારણે જ ડીસીને જીતવા મળ્યું હતું. આશુતોષ અગાઉ પંજાબની ટીમમાં હતો.

એલએસજીએ બેટિંગ મળ્યા પછી ૨૦ ઓવરમાં આઠ વિકેટે ૨૦૯ રન બનાવ્યા હતા. ડીસીએ ૧૯.૩ ઓવરમાં ૨૧૧/૯ના સ્કોર સાથે યાદગાર જીત હાંસલ કરી હતી.

ડીસીને ૨૧૦ રનનો મોટો ટાર્ગેટ મળ્યો હતો.

પંતનો કુલદીપને મજાકમાં ધક્કો

ડીસીનો કુલદીપ યાદવ મેચની આખરી પળોમાં બેટિંગ કરી રહ્યો હતો ત્યારે એક બોલમાં શોટ ન મારી શક્યો અને ક્રીઝ પર વાંકો વળી ગયો ત્યારે પંતે પાછળથી આવીને મજાકમાં તેને ધક્કો માર્યો હતો અને કુલદીપ નીચે પડ્યો હતો. ઉલ્લેખનીય છે કે એલએસજીની ઇનિંગ્સમાં રિષભ પંતને તેના છઠ્ઠા બોલ પર કુલદીપ યાદવે જ શૂન્યમાં આઉટ કરીને પેવિલિયન ભેગો કર્યો હતો.

દિલ્હીની એક તબક્કે ૬૫ રનમાં પાંચ વિકેટ પડી હતી

એક તબક્કે ડીસીએ ૬૫ રનમાં પાંચ વિકેટ ગુમાવી દીધી હતી. ૧૧ ઉમા રને ટ્રિસ્ટેન સ્ટબ્સની મહત્ત્વની છઠ્ઠી વિકેટ પણ પડી ગઈ હતી એ પછી પણ ડીસીની ટીમ ૨૦૦-પ્લસનો લક્ષ્યાંક હાંસલ કરવામાં સફળ થઈ હતી.

મેચ પછી ગોયેન્કાએ કેપ્ટન પંત અને હેડ-કોચ જસ્ટિન લેંગર સાથે લાંબી ચર્ચા કરી હતી. આ ચર્ચામાં કોઈ ઉગ્રતા નહોતી જોવા મળી, પરંતુ પંતથી જે કેટલીક ભૂલો થઈ ગઈ હતી એ બદલ ગોયેન્કાએ નારાજગી જરૂર વ્યક્ત કરી હશે. ■

'ઈજાગ્રસ્ત ખેલાડીઓ વાપસી નહીં કરે ત્યાં સુધી વૈકલ્પિક ખેલાડીઓથી રમવું પડશે': લખનઊના સહાયક કોચ

વિશાખાપટ્ટનમઃ લખનઊ સુપર જાયન્ટ્સના સહાયક કોચ લાન્સ ક્લૂઝનરે કહ્યું હતું કે ઇજાગ્રસ્ત ખેલાડીઓ પાછા ફરે તે પહેલાં તેમની પાસે વૈકલ્પિક ખેલાડીઓ સાથે કામ કરવા સિવાય કોઈ વિકલ્પ નથી. આઇપીએલની નવી સીઝન પહેલા લખનઉ ટીમને મોટો ફટકો પડ્યો કારણ કે તેના ઓછામાં ઓછા ચાર ફાસ્ટ બોલર આવેશ ખાન, મયંક યાદવ, મોહસિન ખાન અને આકાશદીપ ઇજાગ્રસ્ત થયા હતા.

દિલ્હી કેપિટલ્સ સામેની સીઝનની પહેલી મેચમાં સારી શરૂઆત છતાં લખનઊના બોલરો ૨૦૯ રનના સ્કોરનો બચાવ કરી શક્યા નહોતા. મેચ પછી ક્લૂઝનરે પત્રકારોને જણાવ્યું હતું કે, ''અત્યારે બોલિંગમાં અમારી પાસે ઘણા બધા વિકલ્પો નથી.'' જ્યાં સુધી અમારા ખેલાડીઓ ઇજાઓમાંથી સ્વસ્થ થઈને પાછા ન આવે ત્યાં સુધી અમારે અમારા વૈકલ્પિક ખેલાડીઓ સાથે કામ કરવું પડશે.

તેમણે કહ્યું હતું કે હૈદરાબાદમાં સનરાઇઝર્સ હૈદરાબાદ સામેની આગામી મેચમાં આપણા બેટ્સમેનોએ આ મેચની જેમ મહત્તવપૂર્ણ ભૂમિકા ભજવવી પડશે. અમે આ માટે તૈયાર છીએ, પરંતુ જેમ મેં કહ્યું, આ કેટલાક યુવા ખેલાડીઓને તક આપી રહ્યું છે. શાર્દુલ ઠાકુરે પહેલી જ ઓવરમાં બે વિકેટ લીધી જેનાથી મને ખરેખર આનંદ થયો હતો.

હાર્ટ-અટેક પછી તમીમ ઈકબાલની તબિયત સુધારા પર

યુવરાજ સિંહે મોકલી શુભેચ્છા

ઢાકાઃ બાંગ્લાદેશના ભૂતપૂર્વ કેપ્ટન અને ટોચના બેટર તમીમ ઈકબાલને સોમવારે એક સ્થાનિક મેચમાં રમતી વખતે હાર્ટ-અટેક આવ્યો હતો અને ત્યાર બાદ હવે તેની તબિયત સુધારા પર છે. તે પૂરેપૂરો ભાનમાં આવી ગયો છે અને તેણે પરિવાર સાથે ફોન પર વાતચીત કરી છે. ભારતના ભૂતપૂર્વ ઑલરાઉન્ડર યુવરાજ સિંહે તમીમ માટે સોશિયલ મીડિયામાં શુભેચ્છા વ્યક્ત કરી હતી.

તમીમ ઈકબાલે આ વર્ષે જાન્યુઆરીમાં આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિ જાહેર કરી હતી. ૩૬ વર્ષનો તમીમ સોમવારે ઢાકા પ્રીમિયર લીગમાં મોહમેડન સ્પોર્ટિંગ ક્લબની ટીમનું નેતૃત્વ સંભાળી રહ્યો હતો.

મેચ દરમિયાન તેને અચાનક છાતીમાં દુખાવો શરૂ થયો હતો અને તેને તાબડતોબ હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો, તેને લાઇફ સપોર્ટ સિસ્ટમ પર રાખવામાં આવ્યો હતો અને તેની છાતીમાં સર્જરી કરવામાં આવી હતી.

યુવરાજ સિંહે 'એક્સ' પર તમીમ માટેની શુભેચ્છામાં લખ્યું હતું કે 'હું તમીમ અને તેના પરિવાર માટે શુભેચ્છા પાઠવું છું અને ઈશ્વરને પ્રાર્થના કરું છું કે તમીમની તબિયત જલદી સારી થઈ જાય. તમીમ, તું અગાઉ અત્યંત મુશ્કેલ હરીફો સામે લડીને સારું પર્ફોર્મ કરવામાં સફળ થયો હતો અને વધુ મજબૂત થઈને ઊભર્યો હતો. ■

ઈંગ્લેન્ડ લાયન્સ વિરુદ્ધ 'એ' ટીમમાં સામેલ થઈ શકે છે ભારતના કેટલાક મુખ્ય ખેલાડી

નવી દિલ્હીઃ ઇંગ્લેન્ડ સામેની પાંચ મેચની ટેસ્ટ શ્રેણીની તૈયારી માટે મે-જૂન વિંડોમાં ઇંગ્લેન્ડ લાયન્સ સામે બે ચાર-દિવસીય મેચ રમવા માટે ભારતના કેટલાક મુખ્ય ખેલાડીઓ 'એ' ટીમનો ભાગ બને તેવી શક્યતા છે. ભારત ઇંગ્લેન્ડના ૪૫ દિવસના પ્રવાસની શરૂઆત ૨૦ જૂનથી હેડિંગ્લે ખાતે શરૂ થનારી પ્રથમ ટેસ્ટ સાથે કરશે. ભારત ૨૦૦૭ પછી 'ઓલ્ડ બ્લાઇટી'માં પોતાની પહેલી શ્રેણી જીતવાનું લક્ષ્ય રાખશે.

ઇંગ્લેન્ડ અને વેલ્સ ક્રિકેટ બોર્ડે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, પ્રથમ ચાર દિવસીય મેચ ૩૦ મેથી કેન્ટરબરીના સેન્ટ લોરેન્સના સ્પિટફાયર મેદાનમાં આયોજિત કરવામાં આવશે. બીજી મેચ એક અઠવાડિયા પછી ૬ જૂને નોર્થમ્પ્ટનના કાઉન્ટી ગ્રાઉન્ડ ખાતે શરૂ થશે. ભારતના તમામ મુખ્ય ક્રિકેટરો હાલમાં પોતપોતાની ઇન્ડિયન પ્રીમિયર લીગ ફ્રેન્ચાઇઝી સાથે કરારબદ્ધ છે કારણ કે લીગની નોકઆઉટ મેચ ૨૦, ૨૧ અને ૨૩ મેના રોજ રમાનારી છે અને ત્યારબાદ ૨૫ મેના રોજ ફાઇનલ મેચ રમાશે. ભારતીય પસંદગીકારો પાસે ઇંગ્લેન્ડ પ્રવાસ પહેલા ભારત 'એ' ટીમની જાહેરાત કરવા માટે પૂરતો સમય છે અને વર્તમાન પરિસ્થિતિ મુજબ કરુણ નાયર આ પ્રવાસમાં જોડાઈ શકે છે. કરણ માટે ૨૦૨૪-૨૫ની સ્થાનિક સીઝન ખૂબ જ પ્રભાવશાળી રહી હતી. તેણે સૈયદ મુશ્તાક અલી ટ્રોફીમાં સૌથી વધુ રન કરનાર ખેલાડી તરીકે સ્થાન મેળવ્યું અને રણજી ટ્રોફીમાં નવ મેચમાં ૫૪ની સરેરાશથી ચાર સદી અને બે અડધી સદી સાથે ૮૬૩ રન કરીને ચોથા ક્રમે રહ્યો હતો. તેના ઉત્તમ ફોર્મના કારણે વિદર્ભે ફાઇનલમાં કેરળને હરાવીને તેમનું ત્રીજું રણજી ટાઇટલ જીત્યું હતું.

નામ ન આપવાની શરતે એક સૂત્રએ પીટીઆઇને જણાવ્યું હતું કે ટીમની જાહેરાત કરવા માટે પૂરતો સમય છે. ન્યૂઝીલેન્ડ અને ઓસ્ટ્રેલિયા સામેની બે ટેસ્ટ શ્રેણીની હારમાં ખરાબ પ્રદર્શન છતાં રોહિત શર્મા ઇંગ્લેન્ડમાં ભારતની સિનિયર ટીમનું નેતૃત્વ કરે તેવી અપેક્ષા છે. ભારત સ્ટાર ફાસ્ટ બોલર જસપ્રીત બુમરાહની ફિટનેસ પર પણ નજર રાખશે, જે ઓસ્ટ્રેલિયા પ્રવાસ દરમિયાન પીઠની ઇજામાંથી હજુ પણ સ્વસ્થ થઈ રહ્યો છે. આઈપીએલ ૨૦૨૫ની શરૂઆતની કેટલીક મેચો માટે બુમરાહ મુંબઈ ઈન્ડિયન્સ માટે ઉપલબ્ધ નથી. ■

મહિલા બોક્સિંગ રાષ્ટ્રીય ચેમ્પિયનશિપ મીનાક્ષીએ વિશ્વ ચેમ્પિયન નીતુને હરાવી કર્યો ઊલટફેર

ગ્રેટર નોઈડાઃ મહિલા બોક્સર મીનાક્ષી સોમવારે અહીં ૮મી એલીટ મહિલા રાષ્ટ્રીય બોક્સિંગ ચેમ્પિયનશિપના ક્વાર્ટર ફાઇનલમાં હરિયાણાની વિશ્વ ચેમ્પિયન નીતુ ઘંઘાસને હરાવીને પોતાના ૪૮ કિગ્રા ટાઇટલ બચાવવાની નજીક પહોંચી ગઈ છે. એશિયન ચેમ્પિયનશિપની સિલ્વર મેડલ વિજેતા ૨૪ વર્ષીય મીનાક્ષીએ ત્રણેય રાઉન્ડમાં પ્રભુત્વ જમાવ્યું અને ૪-૧ના વિભાજિત નિર્ણયથી જીત મેળવીને ટૂર્નામેન્ટનો સૌથી મોટો અપસેટ સર્જ્યો હતો.

પોતાની આક્રમક શૈલી માટે જાણીતી ૨૦૨૨ કોમનવેલ્થ ગેમ્સ ચેમ્પિયન અને ૨૦૨૩ વર્લ્ડ ચેમ્પિયન નીતુ લયમાં દેખાઈ નહીં અને સંઘર્ષ કરતી જોવા મળી હતી. મીનાક્ષીએ કહ્યું હતું કે, મને ખરેખર સારું લાગે છે. કોમનવેલ્થ ગેમ્સના ટ્રાયલમાં હું નીતુ સામે હારી ગઇ હતી. તેથી મને ખબર હતી કે તે મુશ્કેલ હશે. હવે મીનાક્ષીનો મુકાબલો દિલ્હીની સંજના સામે થશે જેણે રોમાંચક ક્વાર્ટર ફાઇનલ મેચમાં ચંડીગઢની ગુડ્ડીને હરાવી હતી. ■

રાહુલ-આથિયા પર અભિનંદનની વર્ષા, દિલ્હીના કેપ્ટન અક્ષર પટેલે અલગ જ અંદાઝમાં આપી શુભેચ્છા

સોમવારે આથિયા શેટ્ટીએ બાળકીને જન્મ આપ્યો હતો

મુંબઈઃ અક્ષર પટેલના નેતૃત્વમાં દિલ્હી કેપિટલ્સના ખેલાડીઓ સોમવારે વિશાખાપટનમમાં લખનઊ સુપર જાયન્ટ્સ સામેની મેચમાં જીતવા માટે સંઘર્ષ કરી રહ્યા હતા ત્યારે ડીસીનો વિકેટકીપર-બેટર કેએલ રાહુલ મુંબઈમાં પત્ની આથિયા શેટ્ટી અને નવજાત બાળકી પાસે હતો. ઉલ્લેખનીય વાત એ છે કે રાહુલની પત્ની અને જાણીતા એક્ટર સુનીલ શેટ્ટીની પુત્રી આથિયા શેટ્ટીએ સુંદર બાળકીને જન્મ આપ્યો છે. રાહુલ સોમવારની મેચ પહેલાં જ પરિવાર પાસે પહોંચી ગયો હતો. રાહુલ અને આથિયા પર સોશિયલ મીડિયામાં અભિનંદનની વર્ષા થઈ છે.

અક્ષર પટેલ અને દિલ્હીની ટીમના તેના સાથી ખેલાડીઓ તેમ જ કોચિંગ સ્ટાફે સાથી ખેલાડી રાહુલને અભિનંદન અને શુભેચ્છા આપ્યા છે. એનો એક વીડિયો વાઈરલ થયો છે જેમાં અક્ષરે 'આ લે ચક મૈં આ ગયા...' ગીત ગાવાની સાથે નવજાત બાળકીને રમાડતો હોય એવી ઍક્શન કરીને આ વીડિયોને વધુ સંગીન બનાવી દીધો હતો. જોકે વાઈરલ વીડિયોમાં દિલ્હીના તમામ ખેલાડીઓએ નવજાતને રમાડી રહ્યા હોય એવી ઍક્શન કરીને રાહુલને અનોખી સ્ટાઇલમાં અભિનંદન આપ્યાં હતા.

'આ લે ચક મૈં આ ગયા....' ગીત મૂળ પંજાબી સિંગર પરમિશ વર્માએ ગાયું છે અને ખૂબ લોકપ્રિય થયું છે.

દિલ્હીના ફ્રેન્ચાઈઝીએ પણ રાહુલને અભિનંદન આપ્યા છે. આ ફ્રેન્ચાઈઝીએ ત્રણ મહિના પહેલાં રાહુલને હરાજીમાં ૧૪ કરોડ રૂપિયામાં ખરીદ્યો હતો. દિલ્હીની ટીમમાં રાહુલ સૌથી મોંઘો ખેલાડી છે. સોમવારની મેચમાં રાહુલની ગેરહાજરીમાં અભિષેક પોરેલને વિકેટકીપિંગની જવાબદારી સોંપવામાં આવી હતી. સોમવારે દિલ્હીએ રોમાંચક મુકાબલામાં લખનઊને એક વિકેટે હરાવી દીધું હતું. રાહુલ ડેડી બની ગયો એ માટે તેને યોગાનુયોગ નાનું વેકેશન મળી ગયું છે, કારણકે દિલ્હીની સોમવારની મેચ પછી હવે આગામી મેચ ૩૦મી માર્ચે રમાશે. એ દિવસે વિશાખાપટનમમાં દિલ્હીનો મુકાબલો સનરાઈઝર્સ હૈદરાબાદ સામે થશે. રાહુલ ગયા વર્ષે લખનઊની ટીમમાં હતો અને રાહુલ છેલ્લે હૈદરાબાદ સામે રમ્યો હતો ત્યારે લખનઊની ટીમનો કેપ્ટન હતો અને એ મેચમાં લખનઊનો હૈદરાબાદ સામે ૧૦ વિકેટે પરાજય થયો હતો. દિલ્હીની ટીમ સોમવારે લખનઊ સામે જીતી એ જ વિનિંગ ટીમ જાળવી રાખશે કે કોઈ ફેરફાર કરશે એ હવે જોવું રહ્યું. ટોપ ઑર્ડરમાં દિલ્હી પાસે જેક ફ્રેઝર મેકગર્ક અને વાઇસ કેપ્ટન ફાફ ડુ પ્લેસી છે. દિલ્હીનું ટીમ મેનેજમેન્ટ અભિષેક પોરેલને જાળવી રાખશે કે રાહુલને રમાડશે એ હજી નક્કી નથી. રાહુલને કદાચ ચોથા નંબરે સમીર રિઝવીના સ્થાને લેવામાં આવશે. હૈદરાબાદ સામે રાહુલનો બેટિંગ રેકોર્ડ ઘણો જ સારો છે. હૈદરાબાદ સામે તેણે ૧૩ ઇનિંગ્સમાં ૪૫૭ રન કર્યા છે. હૈદરાબાદ સામે રાહુલની ચાર હાફ સેન્ચુરી છે. ■

મેચ ફિક્સિંગ મામલે ભારતીય પટેલને ફટકારાઇ ચાર વર્ષની જેલની સજા

કોલંબોઃ શ્રીલંકાની એક કોર્ટે મંગળવારે ૨૦૨૪ના ક્રિકેટ મેચ ફિક્સિંગ કેસમાં એક ભારતીય નાગરિકને ચાર વર્ષની સખત કેદની સજા ફટકારી છે. યોગી પટેલ પર કેન્ડીમાં રમાયેલી લિજેન્ડ્સ લીગ ટી-૨૦ ટુર્નામેન્ટમાં મેચ ફિક્સ કરવાની ઓફર આપવાનો આરોપ હતો. શ્રીલંકાની પસંદગી સમિતિના અધ્યક્ષ ઉપુલ થરંગાની ફરિયાદના આધારે તેમના પર આરોપ મૂકવામાં આવ્યો હતો. કોર્ટ દ્વારા લાદવામાં આવેલા મુસાફરી પ્રતિબંધ છતાં દેશ છોડીને ભાગી ગયા બાદ પટેલ પર તેમની ગેરહાજરીમાં કેસ ચલાવવામાં આવ્યો હતો. ગયા વર્ષે માર્ચમાં તેની ધરપકડ કરવામાં આવી હતી અને બાદમાં મે મહિનામાં કડક શરતો હેઠળ જામીન પર મુક્ત કરવામાં આવ્યો હતો. યોગી પટેલ પર શ્રીલંકામાં રમાયેલી લિજેન્ડ્સ લીગ ટી-૨૦ (૨૦૨૪) દરમિયાન મેચ ફિક્સિંગની ઓફર કરવાનો આરોપ મૂકવામાં આવ્યો હતો, જે કોર્ટમાં સાબિત થયો હતો અને તેને ચાર વર્ષની સખત કેદની સજા ફટકારવામાં આવી હતી. ■

ઈંગ્લેન્ડે ફીફા વર્લ્ડકપ ક્વોલિફાયરમાં મેળવી સતત બીજી જીત, લાતવિયાને ૩-૦થી હરાવ્યું

લંડનઃ રીસ જેમ્સની શાનદાર ફ્રી કિક અને એબેરેચી એઝેના પ્રથમ આંતરરાષ્ટ્રીય ગોલની મદદથી ઇંગ્લેન્ડે સોમવારે (૨૪ માર્ચ) વેમ્બલી સ્ટેડિયમ ખાતે લાતવિયાને ૩-૦થી હરાવીને ફિફા વર્લ્ડ કપ ક્વોલિફાયરમાં સતત બીજી જીત મેળવી હતી. જેમ્સે ૩૭મી મિનિટે ૨૫ મીટરની શાનદાર ફ્રી કિકથી ગોલ કર્યો હતો. તેની ૧૮મી મેચમાં ઈંગ્લેન્ડ માટે આ તેનો પહેલો ગોલ હતો. આ પછી અનુભવી સ્ટ્રાઈકર હેરી કેને ૬૮મી મિનિટે યુવા મિડફિલ્ડર્સ મોર્ગન રોજર્સ અને ડેકલાન રાઈસની મદદથી ઈંગ્લેન્ડની લીડને ૨-૦ સુધી વધારી દીધી હતી. ૭૬મી મિનિટે એજેએ ત્રીજો ગોલ કરીને ઈંગ્લેન્ડની જીત પર મહોર મારી હતી. ઇગ્લેન્ડે વર્લ્ડ કપ ક્વોલિફાયરમાં પોતાની પ્રથમ મેચમાં અલ્બાનિયાને ૨-૦થી હરાવ્યું હતું. ઇગ્લેન્ડ ગ્રુપમાં ટોચનું સ્થાન મેળવવા માટે પ્રબલ દાવેદાર માનવામાં આવી રહ્યું છે. આ ગ્રુપની બીજી મેચમાં અલ્બાનિયાએ એન્ડોરાને ૩-૦ થી હરાવીને શાનદાર વાપસી કરી હતી. પોતાની ટીમ માટે સે રે મનાજે પહેલા હાફમાં બે ગોલ કર્યા જ્યારે માયર્તો ઉઝુનીએ બીજા હાફના સ્ટોપેજ સમયમાં ત્રીજો ગોલ કર્યો હતો. ગ્રુપ-જીમાં પોલેન્ડે માલ્ટા સામે કરોલ સ્વિડર્સ્કીના બે ગોલને કારણે સતત બીજી જીત મેળવી હતી., પરંતુ ફિનલેન્ડને બે ગોલની લીડ હોવા છતાં લિથુઆનિયા સાથે ૨-૨થી ડ્રો રમવું પડ્યું હતું. પોલેન્ડ છ પોઈન્ટ સાથે ગ્રુપ જીમાં ટોચ પર છે જ્યારે ફિનલેન્ડ ચાર પોઈન્ટ સાથે બીજા સ્થાને છે. ■